Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

અબ તો એક હી આગ ''જન ફરિયાદ''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-38 ■ તા. 17-09-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

'એક દેશ, એક ચૂંટણી' પર બનેલી કમિટીની પ્રથમ બેઠક ૨૩ સપ્ટેમ્બરે યોજાશે

નવીદિલ્હી,તા.૧૬

લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા કેન્દ્ર સરકારે વન નેશન, વન ઈલેક્શનનો મુદ્દો ઉઠાવ્યો છે અને તેને લાગુ કરવા માટે પગલાં પણ લીધા છે. તાજેતરમાં,સરકારે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં આ માટે એક સમિતિની રચના કરી છે. હવે આ સમિતિની પ્રથમ બેઠકને લઈને એક મોટું અપડેટ આવ્યું છે. કમિટીના અધ્યક્ષ અને પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું છે કે વન નેશન વન ઈલેક્શન કમિટીની પ્રથમ બેઠક ૨૩ સપ્ટેમ્બરે યોજાવા જઈ રહી છે. આ તરફ હવે આ કમિટીમાં અમિત શાહ અને અધીર રંજનનો સમાવેશ કરવામાં આવ્યો છે. એક દેશ, એક ચૂંટણી' ને લઈ કેન્દ્ર સરકારે બનાવેલી સમિતિમાં અધ્યક્ષ ઉપરાંત ૭ અન્ય લોકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી, ગુલામ નબી આઝાદ, એનકે સિંહ, સુભાષ કશ્યપ, હરીશ સાલ્વે અને સંજય કોઠારીનો સમાવેશ થાય છે.

જો આપણે સાદી ભાષામાં સમજીએ તો આના દ્વારા રાજ્યોમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે કરાવવાની વાત છે. એટલે કે બંને ચૂંટણી એક જ સમયે થઈ શકે છે. આ માટે સમય અને પૈસા બંને અલગથી બચાવી શકાય છે. શાસક પક્ષના નેતાઓએ તેનો આ ગુણ ગણાવ્યો છે. જો બંને ચૂંટણી એક જ સમયે યોજાય તો વિપક્ષે કેટલાક ગેરફાયદાની યાદી પણ આપી છે. હાલમાં રાજ્યની વિધાનસભા અને લોકસભાની ચૂંટણી અલગ-અલગ યોજાય છે. વર્તમાન સરકારની પાંચ વર્ષની મુદત પૂરી થયા પછી અથવા વિવિધ કારણોસર તેનું વિસર્જન.

દેશના જે પણ ભાગમાં ચૂંટણી યોજાય ત્યાં આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવે છે. નોટિફિકેશન જાહેર થયા પછી ન તો કોઈ નવી સ્કીમ શરૂ થઈ છે કે ન તો કોઈ નિયુક્તિ. એ જ રીતે જ્યારે દેશમાં અલગ-અલગ સમયે નોટિફિકેશન લાગુ કરવામાં આવે છે ત્યારે વિકાસના કામો થોડા સમય માટે રોકી દેવામાં આવે છે. સરકાર જરૂરી નિર્ણયો લઈ શકતી નથી. આવી સ્થિતિમાં જો સમગ્ર દેશમાં એક જ સમયે ચૂંટણી યોજાશે તો આચારસંહિતા થોડા સમય માટે જ લાગુ થશે. આ પછી વિકાસના કામો પર કોઈ બ્રેક લાગશે નહીં.

રાજ્યની વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ અલગ-અલગ યોજાય છે, ખર્ચમાં વધારો થાય છે. તેમાં શિક્ષકોની ફરજ સરકારી કર્મચારીઓને મુકવામાં આવી છે. સરકાર વધારાના પૈસા ખર્ચે છે. અલગ-અલગ સમયે ચૂંટણીની પ્રક્રિયાને કારણે ખર્ચમાં વધુ વધારો થાય છે. વધારાના ખર્ચ સાથે તેમની ફરજ પર પણ અસર થાય છે. એક દેશ, એક ચૂંટણી ("હી દ્રર્ઙ્કેહક્કર્ઙ્ક'હી ઈક્ષીર્ઙ્કેહ) સમય અને નાણાં બંને બચાવી શકે છે. સરકારી કર્મચારીઓ કોઈપણ અવરોધ વિના તેમની ફરજ બજાવી શકશે.

ઉદાહરણથી સમજોઃ માત્ર એક ચૂંટણીમાં કેટલો ખર્ચ થયો છે તે ઉદાહરણથી સમજી શકાય છે. લોકસભા ચૂંટણી ૨૦૧૯ના રિપોર્ટ અનુસાર આ ચૂંટણીમાં ૬૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જેમાં રાજકીય પક્ષો અને ભારતના ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલ ખર્ચનો સમાવેશ થાય છે. તેવી જ રીતે જો આપણે રાજ્યવાર ખર્ચનો અંદાજ લગાવીએ તો આંકડો અનેક ગણો વધી જશે. આ ખર્ચને રોકવા માટે એક દેશ, એક ચૂંટણી લાવી શકાય છે.

વર્ષ ૨૦૨૨માં તત્કાલિન મુખ્ય ચૂંટણી કમિશનર સુશીલ ચંદ્રાએ કહ્યું હતું કે, ચૂંટણી પંચ દેશભરમાં રાજ્ય અને લોકસભા ચૂંટણી કરાવવા માટે તૈયાર છે. દેશમાં એક દેશ, એક ચૂંટણી સિસ્ટમ લાગુ કરવા માટે બંધારણમાં ઘણા ફેરફારો કરવા પડશે. ૨૦૨૨માં કાયદા પંચે દેશના રાજકીય પક્ષો પાસેથી આ અંગે સલાહ માંગી હતી.ઘણા રાજકીય વિશ્લેષકોનું કહેવું છે કે, જો નવો ફેરફાર થાય છે તો તે લોકશાહી માટે ઘાતક પગલું સાબિત થઈ શકે છે. જો આવું થાય તો સરકાર તેમની ઈચ્છા વિરુદ્ધ વિધાનસભાનો કાર્યકાળ વધારી કે ઘટાડી શકે છે. આ તેમની સિસ્ટમ પર અસર કરશે. એક દેશ, એક ચૂંટણીનો અમલ કરવો સરળ નહીં હોય. આ માટે કાયદામાં પણ ફેરફાર કરવા પડશે. પીપલ્સ એક્ટથી લઈને સંસદીય નિયમોમાં ફેરફાર કરવા પડશે. આ ફેરફારો માટે વિપક્ષ કેટલું સમર્થન આપશે, તેનો સામનો કરવો સરકાર માટે મોટો પડકાર હશે.૨૦૧૫માં આઇડીએફસી સંસ્થા દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં બહાર આવ્યું હતું કે, જો ચૂંટણીઓ એકસાથે યોજવામાં આવે તો ૭૭ ટકા સંભાવના છે કે મતદારો રાજ્ય વિધાનસભા અને લોકસભામાં એક રાજકીય પક્ષ અથવા જોડાણ પસંદ કરશે. જો છ મહિનાના અંતરમાં ચૂંટણી યોજવામાં આવે તો માત્ર ૬૧ ટકા મતદારો એ જ પક્ષને પસંદ કરશે. વિપક્ષ આની સામે વાંધો ઉઠાવી શકે છે.

ઘણા વિશ્લેષકો માને છે કે, જો બંને ચૂંટણી એકસાથે યોજવામાં આવે તો રાષ્ટ્રીય મુદ્દાઓની સામે પ્રાદેશિક મુદ્દાઓની અવગણના થઈ શકે છે. જો આમ થશે તો પ્રાદેશિક પક્ષો વચ્ચે નુકસાન થવાની શક્યતા વધી જશે. આવી સ્થિતિમાં મતદારો એકતરફી મતદાન કરે તેવી શકયતા રહેશે.

લખનૌમાં મકાન ધરાશાઈ થતાં પના મોત

લખનૌ,તા.૧૬

ઉત્તરપ્રદેશમાં ૨ જ દિવસમાં બે મોટી દુર્ઘટના સામે આવી છે. આ બંને અલગ-અલગ દુર્ઘટનામાં કુલ ૧૩ લોકોના મોત થયા છે. પ્રાથમિક વિગતો મુજબ ગઈકાલે ગ્રેટર નોઈડામાં લિફ્ટ તૂટતાં પહેલા ૪ મજૂરોના મોત થયા બાદમાં આજે શનિવારે વધુ ૪ વ્યક્તિના સારવાર દરમિયાન મોત થયા હતા. આ તરફ આજે લખનઉના આલમબાગમાં જૂની રેલવે કોલોનીમાં એક મકાન ધરાશાયી થયું હતું. અકસ્માતમાં એક જ પરિવારના ૫ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે.

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડા વેસ્ટમાં એક નિર્માણાધીન રહેણાંક સોસાયટીની લિફ્ટ તૂટી પડતાં આઠ મજૂરોનાં મોત થયાં છે. આ ઘટનામાં શુક્રવારે ચાર લોકોના મોત થયા હતા. શનિવારે વધુ ચાર મજૂરોના મોત થયા હતા. આ અકસ્માતમાં ૫ લોકો ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. જેમાંથી ૪ મજૂરો શનિવારે જીવનની લડાઈ હારી ગયા હતા. અન્ય એક મજૂરની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ઘટના સવારે ૮.૩૦ વાગ્યે 'આમ્રપાલી ડ્રીમ વેલી' સોસાયટીના નિર્માણાધીન સ્થળ પર બની હતી. લાંબા સમયથી પડતર આ પ્રોજેક્ટ સરકારી કંપની નેશનલ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન દ્વારા પૂર્ણ કરવામાં આવી રહ્યો છે. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર કામદારો ગ્રાઉન્ડ ફ્લોર પરથી લિફ્ટ મારફતે જઈ રહ્યા હતા ત્યારે લિફ્ટ ૧૪મા માળેથી પડી હતી. ગૌતમ બુદ્ધ નગરના જિલ્લા મેજિસ્ટ્રેટ મનીષ વર્માએ કહ્યું કે, આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે અને જે પણ દોષિત હશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

લિફ્ટ તૂટવાની ઘટનામાં મૃતકોની ઓળખ બિહારના બલરામપુર વિસ્તારના રહેવાસી ઈશ્તાક અલી (૨૩), બાંકા બિહારના અરુણ મંડલ (૪૦), બિહારના કટિહારના રહેવાસી વિપોટ મંડલ (૪૫) અને અમરોહા જિલ્લાના આરિસ ખાન (૨૨) તરીકે થઈ છે. પોલીસ કમિશનર લક્ષ્મી સિંહ અને ગ્રેટર નોઈડા ઓથોરિટીના સીઈઓ એનજી રવિ કુમાર અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ સ્થળ પર નિરીક્ષણ માટે પહોંચ્યા હતા. પોલીસે ઘટના સ્થળની નજીક બાંધકામ હેઠળની ઈમારતોમાં રહેતા કામદારોને જગ્યા ખાલી કરવા જણાવ્યું છે.

ઉત્તર પ્રદેશના લખનઉમાં શનિવારે સવારે એક મોટો અકસ્માત થયો હતો. અહીં આલમબાગમાં જૂની રેલવે કોલોનીમાં એક મકાન ધરાશાયી થયું હતું. અકસ્માતમાં એક જ પરિવારના ૫ લોકોના મોત થયા હતા. મૃતકોમાં ત્રણ બાળકોનો પણ સમાવેશ થાય છે. અકસ્માત બાદ ઘટના સ્થળે અફરા-તફરી મચી ગઈ હતી. માહિતી મળતાં જ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે મૃતકોની ઓળખ સતીશ ચંદ્ર (૪૦), સરોજિની દેવી (૩૫), હર્ષિત (૧૩), હર્ષિતા (૧૦) અને અંશ (૫) તરીકે કરી છે.

ગ્રેટર નોઈડા વેસ્ટમાં સ્થિત નિર્માણાધીન આમ્રપાલી ડ્રીમ વેલી સોસાયટીમાં લિફ્ટ તૂટી પડવાની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા કામદારોના પરિવારોને ૨૫ લાખ રૂપિયાનું વળતર મળશે. તેમજ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોની સારવારનો સંપૂર્ણ ખર્ચ એનબીસી દ્વારા ઉઠાવવામાં આવશે. આ અકસ્માતમાં ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. આ સિવાય પાંચ લોકો ઘાયલ પણ થયા છે.

રાજકોટ બાલાજી મંદિર વિવાદનો સુખદ અંત : વિવેક સ્વામીએ કહ્યું કે, 'એ જ જગ્યાએ થશે ગણપતિ મહોત્સવ

રાજકોટ,તા.૧૬

રાજકોટ બાલાજી મંદિરમાં ગણેશ મહોત્સવ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. બાલાજી મંદિરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. બાલાજી મંદિરના વિવેક સાગર સ્વામીએ આ અંગે માહિતી આપી છે. તેઓએ જણાવ્યું કે, બાલાજી મંદિર અને ગજાનંદ ધામ વચ્ચે સમાધાન થયું છે. ગણપતિ મહોત્સવ તે જ જગ્યાએ યોજાશે.

બાલાજી મંદિરમાં ગણપતિ મહોત્સવ યોજવાની સ્વામિનારાયણ સંપ્રદાયના વિવેક સાગર સ્વામી દ્વારા મનાઈ ફરમાવવામાં આવતા આયોજકો અને સનાતનીઓ રોષે ભરાયા હતા. જે ગઈકાલે રાત્રે પોલીસ કમિશનરે બાલાજી મંદિરના સ્વામી સાથે બંધ બારણે બેઠક યોજી હતી. જેમાં આ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જે બાદ આ જગ્યા પર છેલ્લા ૧૩ વર્ષથી યોજાતો ગણપતિ મહોત્સવ આ વર્ષે પણ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

કરણસિંહજી હાઈસ્કૂલ ગ્રાઉન્ડમાં આવેલા બાલાજી મંદિર ખાતે છેલ્લા ૧૩ વર્ષથી ગણેશોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વખતે સ્વામિનારાયણ સંપ્રદાયના વિવેક સાગર કોઠારી દ્વારા આ જગ્યા પર રેતી-કપચી પાથરીને ગણપતિ મહોત્સવનું આયોજન ન કરવા અંગે પ્રયાસ કરાયો હતો. જે બાદ ગજાનંદ ધામ મંડળ અને સનાતનીઓ લાલઘુમ થઈ હયા હતા.

ગજાનંદ ધામ મંડળ દ્વારા ગ્રાઉન્ડનું ભાડું ભર્યું છતાં આયોજન ન કરવા દેવા દબાણ કરી તૈયાર કરેલું સ્ટેજ વિવેક સ્વામીના ચાર માણસોએ તોડી પાડ્યું હોવાનું સામે આવ્યું હતું. જેને લઈ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી હતી. આ સાથે ગજાનંદ ધામ મંડળ દ્વારા જિલ્લા કલેક્ટરને રજૂઆત કરવામાં આવી હતી. વિવેક સાગર સ્વામીએ ગણેશ ઉત્સવની જગ્યાએ રેતી-કપચી નાખી જગ્યા પર રોકી દીધી હતી. જેને લઈ ભક્તોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

આ તરફ ગણેશ ઉત્સવ માટે ગ્રાઉન્ડની મંજૂરી અને ફી ધારા ધોરણ મુજબ ભરી છતાં ઉજવણી રોકવાનો પ્રયાસ કરાતા સ્થાનિકો અધિરા બન્યા હતા. આ મામલે લોકોના ટોળા એકઠા થતા સ્થાનિક પોલીસ કાફલો પણ દોડી ગયો હતો. ગજાનંદ ધામ મંડળના સભ્યો એકત્ર થયા હતા અને ત્રઝમ્થી ગજાનંદ ધામ મંડળના સભ્યોએ રેતી-કપચી દૂર કરી હતી. જે બાદ આ મામલે ગઈકાલે બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગણપતિ ઉત્સવ યોજવાની મંજૂરી આપવામાં આવી છે. વિવેક સાગર સ્વામીએ જણાવ્યું છે કે, ગણપતિ મહોત્સવ તે જ જગ્યાએ થશે

દિલ્હીઃ બ્રિજભૂષણ શરણ સિંહ રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થયા, જાતીય સતામણી કેસની આગામી સુનાવણી ૨૩ સપ્ટેમ્બરે થશે.

નવીદિલ્હી,તા.૧૬

ભારતીય કુસ્તી સંઘના પૂર્વ પ્રમુખ અને ભાજપના સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહ આજે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં હાજર થયા હતા. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં આજે મહિલા રેસલર્સના યૌન શોષણ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

દિલ્હી પોલીસે કહ્યું કે મોનિટરિંગ કમિટીએ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહને નિર્દોષ જાહેર કર્યા નથી. સમિતિએ નિર્ણય નહીં પણ ભલામણો આપી હતી. દિલ્હી પોલીસ ૨૩ સપ્ટેમ્બરે બ્રિજભૂષણ શરણ સિંહ સામેના આરોપો પર ચર્ચા ચાલુ રાખશે. સુનાવણીની આગામી તારીખ ૨૩ સપ્ટેમ્બર છે.

અગાઉ ૨૦ જુલાઈએ કોર્ટે બ્રિજભૂષણ શરણ સિંહ અને સહાયક સચિવ વિનોદ તોમરને જામીન આપ્યા હતા. સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષના વકીલો અને ફરિયાદીએ જામીન સામે કોઈ વાંધો ઉઠાવ્યો ન હતો પરંતુ જામીન આપતી વખતે શરતો લાદવાની વિનંતી કરી હતી. આ આદેશ રાઉઝ એવન્યુ કોર્ટના એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ હરજીત સિંહ જસપાલે આપ્યો હતો.

ભોપાલમાં ભારત ગઠબંધનની રેલી રદ કરાઈ : કમલનાથ

ભોપાલ,તા.૧૬

રાજધાની ભોપાલમાં યોજાનારી ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્ક્લુઝિવ એલાયન્સ (ઇન્ડિયા) ગઠબંધનની પ્રથમ રેલી રદ કરવામાં આવી છે. શનિવારે પીસીસી ચીફ અને પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે કહ્યું કે ભોપાલમાં યોજાનારી રેલી રદ કરવામાં આવી છે.

ભોપાલમાં પીસીસી ચીફ કમલનાથે ભારતીય રાષ્ટ્રીય વિકાસ સમાવિષ્ટ ગઠબંધનની રેલી અંગે મીડિયાના સવાલ પર કહ્યું કે રેલી થવાની નથી, રેલી રદ કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે આ પહેલા મધ્યપ્રદેશના ચૂંટણી પ્રભારી રણદીપ સુરજેવાલાએ મીડિયાના સવાલ પર કહ્યું હતું કે અમારી વાતચીત ચાલી રહી છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સાથે બેઠક છે, ત્યારબાદ રેલી અંગે નિર્ણય લેવામાં આવશે. રેલીને લઈને હજુ કોઈ ફાઈનલ નથીદિલ્હીમાં મળેલી ઈન્ડિયા એલાયન્સની સંકલન બેઠકમાં પ્રથમ રેલી ભોપાલમાં કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ માહિતી કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે આપી હતી. આ રેલી ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં યોજાશે તેમ જણાવાયું હતું. જો કે હવે રેલી રદ કરવામાં આવી છે. નિષ્ણાતોનું કહેવું છે કે રેલીની તૈયારીને લઈને પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વએ કેન્દ્રીય નેતૃત્વને સમર્થન જાહેર કર્યું હતું, ત્યારબાદ રેલી રદ કરવામાં આવી હતી.

વર્લ્ડ લીડર્સના સર્વે લિસ્ટમાં ૭૬% રેટિંગ સાથે વડાપ્રધાન મોદી રહ્યા

નવીદિલ્હી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ગ્લોબલ પ્રોપ્યુલારિટી ફરી એકવાર સામે આવી છે. વડાપ્રધાન મોદીને એક સર્વે દરમિયાન ગ્લોબલ વર્લ્ડ લીડર્સ લિસ્ટમાં પહેલા નંબરે પસંદ કરવામાં આવ્યા છે. વડાપ્રધાનને આ લિસ્ટમાં ૭૬% અપ્રૂવલ રેટિંગ મળ્યું છે, જ્યારે તેમની સાથેના અન્ય ગ્લોબલ લીડર્સ રેટિંગ પ્રમાણે ઘણા પાછળ રહ્યા છે. મોદી પછી સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ એલેન બેર્સેટ ૬૪% એપ્રૂવલ રેટિંગ સાથે બીજા ક્રમે અને મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોર ત્રીજા સ્થાને છે. ડિસિઝન ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે આ યાદી બહાર પાડી છે.

ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન એંથની અલ્બેનિસ ૪૮%ના રેટિંગ સાથે પાંચમા સ્થાને છે અને ઇટાલીના પીએમ જી. મેલોની ૪૨% રેટિંગ સાથે છઠ્ઠા સ્થાને છે. યુએસ પ્રમુખ જો બાઇડન ૪૦% રેટિંગ સાથે સાતમા સ્થાને છે. એ જ સમયે બ્રિટિશ વડાપ્રધાન ઋષિ સુનક ૨૭% રેટિંગ સાથે ૧૫મા સ્થાને છે.

અગાઉ જૂન ૨૦૨૩માં ગ્લોબલ વર્લ્ડ લીડર્સ લિસ્ટ રેટિંગ યાદી બહાર પાડવામાં આવી હતી. એમાં પણ પીએમ મોદી ટોપ પર હતા, પરંતુ અગાઉની યાદીની સરખામણીએ તેમના રેટિંગમાં ૨%નો ઘટાડો થયો છે. છેલ્લી વખતે તેમને ૭૮% એપ્રૂવલ રેટિંગ મળ્યું હતું. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઇડન સાતમા સ્થાને હતા, જ્યારે બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક ૧૨મા સ્થાને હતા.

ડિસિઝન ઈન્ટેલિજન્સ કંપની મોર્નિંગ કન્સલ્ટે ૧૪ સપ્ટેમ્બરે 'ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગ ટ્રેકર' બહાર પાડ્યું છે. આ રેટિંગ ૬થી ૧૨ સપ્ટેમ્બર વચ્ચે એકત્રિત કરવામાં આવેલા ડેટાના આધારે આપવામાં આવી છે, જેમાં અનેક દેશોના લોકો સાથે વાત કરીને વૈશ્વિક નેતાઓ વિશે તેમના અભિપ્રાય જાણવા મળ્યા હતા.

તંત્રી લેખ.....

નિત્ય નૂતન રહેવાની પ્રકૃતિ છે સનાતન ધર્મ

સનાતન એટલે જે સદાયથી છે, જેનો કોઈ આદિ કે અંત નથી. પ્રકૃતિના પ્રત્યેક એકમનો ગુણધર્મ હોય છે. અગ્નિનો ધર્મ તાપ છે અને સ્પર્શ વાયુનો ધર્મ છે. મનુષ્યનો ધર્મ લોકમંગલનું કર્તવ્ય છે. આ રીતે સંપૂર્ણ અસ્તિત્વના બંધારણનું નામ છે સનાતન ધર્મ. સનાતન ધર્મ ભારતનો ધર્મ છે. તેનું ધ્યેય વિશઅવ લોકમંગલ છે, પરંતુ તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિનના પુત્ર અને મંત્રી ઉદયનિધિ સ્ટાલિને સનાતન ધર્મની તુલના ડેંગ્યૂ, મેલેરિયા અને કોરોના સાથે કરી અને સનાતનને સંપૂર્ણ રીતે મિટાવી દેવાનું આહ્વાન કર્યું. સ્ટાલિનની પાર્ટી દ્રમુકના બીજા એક નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી એ.રાજાએ સનાતનને એઈડ્સ અને કુષ્ઠ રોગ જેવો ગણાવી દીધો. આવાં નિવેદન સનાતનનું અપમાન છે. તેનાથી કરોડો લોકોનું મન ઘવાયું છે.

સનાતનને લઈને સદ્‌ગુરુ જગ્ગી વાસુદેવ કહે છે, 'સનાતન ધર્મ કોઈ એવી પ્રક્રિયા નથી જે તમને એ જણાવે કે આના પર વિશ્વાસ કરો નહીં તો તમે મરી જશો. એ તમને પ્રેરિત કરે છે કે તમારા મનમાં પ્રશ્ન ઊઠે.' પ્રશ્ન અને જિજ્ઞાસા સનાતન ધર્મના મહત્ત્વપૂર્ણ તત્ત્વો છે. વિભિન્ન કારણોથી થયેલ ધર્માંતરણો છતાં ભારતમાં બહુસંખ્યક આ જ ધર્મમાં આસ્થા ધરાવે છે. વૈદિક કાળના દાર્શનિક ઋષિ પ્રકૃતિ અને મનુષ્યોના સ્વાભાવિક પરિવેશ પ્રત્યે જિજ્ઞાસુ રહ્યા. તેમણે જોયું કે અસ્તિત્વ નિયમબંધનમાં છે. તેમણે પ્રકૃતિની શક્તિઓને અલગ-અલગ દેવ નામ આપ્યા. તેમણે પ્રાકૃતિક નિયમોને પણ ઋતુ સત્ય અને ધર્મ વગેરે નામ આપ્યા. પ્રકૃતિ પ્રત્યક્ષ સત્ય છે. તેની શક્તિઓ પણ પ્રત્યક્ષ સત્ય છે અને નિયમ પણ પ્રત્યક્ષ સત્ય છે. આ જ સત્ય માનવ સમાજમાં પણ દેખાય છે. નિયમોનું પાલન કરવું કર્તવ્ય છે. આ જ ધર્મ પણ છે. ઋગ્વેદમાં ઉલ્લેખ છે, 'અગ્નિના નિયમોનું કોઈ ઉલ્લંઘન નથી કરી શકતું.' નદીઓ ઉપરથી નીચે સમુદ્ર તરફ વહે છે. આ પ્રકૃતિનો નિયમ છે અને પાણીનો ધર્મ. નદીઓ ઋતાવરી કહેવાઈ છે. ઋત અર્થાત પ્રકૃતિના બંધારણની પાલનકર્તા. સૂર્ય માટે ઉલ્લેખ છે, 'તેના નિયમને ઈન્દ્ર, વરુણ અને રુદ્ર વગેરે દેવતા પણ નથી તોડી શકતા. ઋષિ વાયુને કહે છે, 'નિયમો અનુસાર ચાલનારા મરુદ્‌ગણ અને સરસ્વતી અમારી સ્તુતિઓ સાંભળે.' તમામ દિવ્ય શક્તિઓ પ્રકૃતિના નિયમોનું પાલન કરે છે. નિયમ તોડવાનો અધિકાર કોઈને નથી. આ જ અસ્તિત્વનો નિયમ છે. તેને ઋત કહે છે. ઋત અને ધર્મ પર્યાયવાચી છે. નિયમ પાલન કરાવવું વરુણ દેવતાનું કર્તવ્ય છે. ઋગ્વેદ અનુસાર'આ કામ પણ તે ધર્માનુસાર જ કરે છે. સૂર્ય પણ ધર્માનુસાર સંસારને પ્રકાશથી ભરે છે. સૂર્યોદય, સૂર્યાસ્ત, દિવસ-રાત બધું નિયમાનુસાર છે. તમામ નિયમ સત્યછે. સનાતન છે.' ઋત, સત્ય અને ધર્મ એક જેવા છે.

ભારતીય પરંપરામાં વિષ્ણુ મોટા દેવતા છે. તેઓ અવતાર લે છે, પરંતુ વિષ્ણુ માટે પણ ધર્મ પાલન અનિવાર્ય છે.

પત્રાવળી-૧૧

રવિવારની સવાર

આદરણીય ભાષાપ્રેમી મિત્રો,

'પત્રાવલિ' શ્રેણીમાં સુશ્રી પ્રીતિ સેનગુપ્તાજીએ 'શબ્દ' અન્વયે સરસ મજાની જે ચર્ચા કરી તેના અનુસંધાને 'સાહિત્યમાં કોઈપણ પદ્ય કે ગદ્ય એવા સાહિત્ય પ્રકારના ઉત્તમ સર્જન માટે શબ્દપ્રયોજનની મહત્ત્વની ભૂમિકા રહેતી હોય છે. પહેલી નજરે આમ જોવા જઈએ તો એકલોઅટૂલો કોઈક વ્યંજનો અને સ્વરોના સમન્વયથી બનેલો એવો એ શબ્દ આપણને સહજ અને શુષ્ક ભાસશે; પરંતુ એ જ શબ્દ જ્યારે સિદ્ધહસ્ત સાહિત્યસર્જક દ્વારા યથાસ્થાને, યથાભાવે અને યથાહેતુએ પ્રયોજાશે, ત્યારે તેનું મૂલ્ય કેટલું બધું વધી જાય છે?. આ તો એવી વાત થઈ ગણાશે કે રસ્તામાં રખડતો કોઈક પથ્થર કોઈ શિલ્પકારના ટાંકણાથી ઘડાઈને મૂલ્યવાન શિલ્પકૃતિ બની જાય!

મિત્રો, સાહિત્યસર્જનમાં સર્જક પાસે જે તે ભાષાના શબ્દો તો મોજૂદ જ હોય છે, પરંતુ તેણે તો માત્ર યોગ્ય શબ્દોને પસંદ કરીને યોગ્ય રીતે પ્રયોજવાના જ હોય છે. અહીં એવાત ધ્યાનમાં લેવી ઘટે કે સર્જક કંઈ શબ્દેશબ્દને ચકાસીચકાસીને કે વિચારીવિચારીને પ્રયોજતો નથી હોતો, એ તો એની મેળે નિરૂપાતા જ રહેતા હોય છે. હા, એ ખરું કે એ સર્જક પોતાના સર્જનને આખરી ઓપ આપવા પહેલાંના વાંચન વખતે કોઈક શબ્દોને બદલતો પણ હોય છે.

એક રસપ્રદ ઉદાહરણ આપું. ખંડકાવ્યના મહારથી સમા કવિ મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત' વિષે એમ કહેવાય છે કે તેમણે 'વસંતવિજય' ખંડકાવ્યની આ પંક્તિ 'કંપમાના પડે માદ્રી નરેન્દ્રભુજની મહીં'માંના 'પડે' શબ્દને, લીધી' અને 'પડે' એમ અનેકવાર ફેરબદલ કર્યો હતો. અહીં જો પાંડુ રાજાએ રાણી માદ્રીને પોતાના બાહુઓમાં 'લીધી' એમ લખવામાં આવે તો વસંત ઋતુની માદક અસર પાંડુ ઉપર થઈ ગણાય; જ્યારે 'પડે' એમ લખાતાં એ અસર માદ્રી ઉપર થઈ છે એમ સમજાય. વાસ્તવમાં તો સૂક્ષ્મ અને સુંદર એવાં શ્વેત વસ્ત્રોવાળી માદ્રીને જોતાં પાંડુની જ કામવાસના ભભૂકી ઊઠી હતી!!

આમ,જોયું ને મિત્રો કે, શબ્દ તો બિચારો કહ્યાગરો હોય છે અને સર્જક ઉપર જ બધું અવલંબિત હોય છે કે તેને કેવી રીતે પ્રયોજવો. દરેક સર્જક શબ્દના સામર્થ્યને પામવા મથતો હોય છે અને તેનાં કલ્પનાચક્ષુ સામે શબ્દનાં વિવિધ સ્વરૂપો પ્રગટતાં હોય છે. કહેવાનો આશય એ જ કે, કોઈ પણ સર્જન વાચક સામે તૈયાર સ્વરૂપે હોય એટલે તેને તે સહજ જ લાગે, પણ સર્જકે તેની સર્જનપ્રક્રિયામાં કેવી મથામણ કરી હોય છે એ તો એ પોતે જ જાણતો હોય છે; જેમ કે પ્રસૂતા જ પ્રસવવેદનાને સમજી શકે!

તમને ખબર છે ને કે, મિત્રો કે ઊંટ અને ઘોડા જેવાં સવારી માટેનાં પ્રાણીઓને પહેલાં તો લાડકોડથી પળોટવામાં આવતાં હોય છે અને પછી જ તેઓ સવારીલાયક બનતાં હોય છે, બસ એવું જ સાહિત્યકાર માટે શબ્દ અંગે પણ સમજવું રહ્યું. સૉનેટપિતા બ.ક.ઠા.ના 'ભણકારા' સૉનેટની ચિરંજીવી આ પંક્તિને અવલોકતાં આપણને ખ્યાલ આવશે કે રેવા (નર્મદા) નદીનાં શાંત જળને વર્ણવવા કવિ પોતાની કલ્પનાને ક્યાં લઈ જાય છે અને કેવા સક્ષમ એવા સામાસિક શબ્દ 'સ્તનઘડક'ને હળવેથી ગોઠવી દે છે.

વળી કવિની કલ્પનાની પરાકાષ્ઠા તો એ છે કે મંદમંદ રીતે હાલકડોલક થતી નાવને પેલાસ્તન ઉપરના તલની ઉપમા આપવામાં આવે છે! અહીં આપણે કવિની 'ઘડક' શબ્દની પસંદગી ઉપર પણ વારી જવું પડશે; ભલેને તે છંદજાળવણી અર્થે 'ઘડકન'ના વિકલ્પે પ્રયોજાયો હોય! 'ઘડક' શબ્દમાં 'ઘડકન' કરતાં અર્થચમત્કૃતિ વિશેષ હોવાની વાતને નકારી શકાશે ખરી?

બીજી એક વાત કરું :

નરસિંહ મહેતાના એક પ્રભાતિયાની. એમાં એક કડી છે, 'જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.'. અહીં 'જેહના' અને 'તેહના' શબ્દોના બદલે 'જેમના' અને 'તેમના' શબ્દો પ્રયોજાઈ શકાયા હોત, પણ તેમાં લયનો આનંદ પ્રાપ્ત થઈ શક્યો હોત ખરો? કવિઓ સ્વૈરવિહારી હોય છે અને મનમાં આવે તો તેઓ શબ્દકોશમાંના શબ્દોને નવીન ઓપ પણ આપી દેતા હોય છે. (!) 'જૂનું ઘર ખાલી કરતાં' કાવ્યમાં 'બા-બાપુ ના કશુંય ભૂલિયાંપ' કડીમાં 'ભૂલ્યાં'નું 'ભૂલિયાં' કરીને કવિએ કરુણ રસને ઘેરો બનાવ્યો છે. મીરાંબાઈ 'હંસ'ના બદલે 'હંસલો' મૂકે, મેઘાણી પોતાનાં કાવ્યોમાં સમદર, બહેનડ, માવડી, ભાઈયું, સોનલાં, રૂપલાં, બંધુડો જેવા શબ્દો પ્રયોજીને જે તે મૂળ શબ્દોને કેવા લાડ લડાવ્યા છે! દયારામનો 'શ્યામ રંગ સમીપે'માં વપરાએલો તળપદો શબ્દ 'વંતાંક' હાસ્ય નિષ્પન્ન કરે, તો વળી શ્રીરામની બાળવયની ચેષ્ટા વર્ણવતા કવિ ભાલણની 'છબછબ કરતા છેડા પલાળે, પાણીડાં ઢોળે' માંના 'પાણીડાં' શબ્દનું માધુર્ય કંઈ ગાંજ્યું જાય એવું નથી. ઉત્તરકાલીન કવિઓનાં થોડાંક કાવ્યોને તપાસીએ તો નિરંજન ભગતના કાવ્યના 'પથ્થર થરથર ધ્રૂજે'શબ્દો પથ્થરને તો ધ્રૂજાવે છે, પણ સાથે આપણે પણ નથી ધ્રૂજી ઊઠતા?

ઉમાશંકર 'નદી દોડે' કાવ્યમાં 'અરે, એ તે ક્યારે

મુંબઈમાં હવે ડબલ ડેકર બસો દોડશે નહીં : ૮૬ વર્ષ જૂની બસોનું ઇલેક્ટ્રિક એસી બસ સ્થાન લેશે

મુંબઈ,તા.૧૬

છેલ્લા ૮ દાયકાથી મુંબઈના રસ્તાઓ પર દોડતી ડબલ ડેકર બસ હવે નહીં દોડે.બસે અગરકર ચોકથી સિપ્ઝ સુધીની છેલ્લી મુસાફરી પૂરી કરી. બસને ફૂલો અને ફુગ્ગાઓથી સજાવીને વિદાય આપવામાં આવી હતી. છેલ્લી વાર મુસાફરી કરવાની રાહ જોતી ભીડ હતી.

સોશિયલ મીડિયા પર લોકોએ આ બસો સાથે જોડાયેલી યાદોને લઈને ભાવનાત્મક પ્રતિક્રિયાઓ આપી હતી. બિઝનેસમેન આનંદ મહિન્દ્રાએ પણ ટ્વીટર પર બસનો ફોટો શેર કર્યો અને કહ્યું કે, મુંબઈ પોલીસ, હું મારા બાળપણની સૌથી ખાસ યાદોની ચોરીની થઈ ગઈ હોવાનું જાણ કરવા માગુ છું.બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ પ્રદૂષણ ઘટાડવા માટે આ ડીઝલ બસોને ઈલેક્ટ્રિક બસો સાથે બદલી રહી છે. બીઇએસટીએ તમામ ડીઝલ ડબલ-ડેકર બસોને બંધ કરવાની જાહેરાત કરી હતી, જેનું સ્થાન ઈલેક્ટ્રિક એસી ડબલ-ડેકર બસો દ્વારા લેવામાં આવશે. શહેરમાં આવી ૨૫ બસો દોડી રહી છે.

પ્રદૂષણ ઘટાડવા માટે, ભારત સરકાર ૧૦ લાખ સુધીની વસ્તી ધરાવતા શહેરોમાં ડીઝલથી ચાલતી બસોને ઈલેક્ટ્રિક બસો સાથે બદલી રહી છે. ૨૦૩૦ સુધીમાં ડીઝલથી ચાલતી તમામ બસોને ઈલેક્ટ્રિક, સીએનજી બસોથી બદલવામાં આવશે.

ગુજરાતમાં ફરી યોજાશે ધીરેન્દ્ર શાસ્ત્રીનો દરબાર

અંબાજી,તા.૧૬

બાબા બાગેશ્વર ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આ નવરાત્રીમાં યાત્રાધામ અંબાજી ખાતે આવવાના છે. વિગતો મુજબ અંબાજીમાં ત્રણ દિવસીય બાબા બાગેશ્વરના દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈ આજે બાબા બાગેશ્વરના ૭ અંબાજી પહોંચ્યા હતા અને સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે વર્ષે દહાડે લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. જોકે હવે યાત્રાધામ અંબાજી ખાતે બાગેશ્વર ધામનો દિવ્ય દરબાર યોજવાનો છે. વિગતો મુજબ નવરાત્રીના પહેલા ૩ દિવસમાં બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાનાર છે. મહત્વનું છે કે, આ કથા અને દિવ્ય દરબારનું આયોજન પ્રવીણ કોટક કરી રહ્યાં છે. બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની ત્રણ દિવસીય કથા અને દિવ્ય દરબારને લઈ આજે તેમના પીએ અંબાજી ખાતે સ્થળ નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. જ્યાં અંબાજી ખાતે દિવ્ય દરબાર માટેના સ્થળનું નિરિક્ષણ કરી ધિરેન્દ્ર શાસ્ત્રીની અને ભક્તોની સુરક્ષા વ્યવસ્થા અને દર્શન વિશે જાણકારી આપી હતી. બાબા બાગેશ્વરના પીએએ જણાવ્યું હતું કે, આગામી નવરાત્રીની શરૂઆતમાં એટલે કે, તા. ૧૫-૧૬-૧૭ ત્રણ દિવસીય કથા થશે. જેને લઈ આજે અમે અહિયાં નિરીક્ષણ કરવા માટે આવ્યા હતા. અમે બે ત્રણ સ્થળનું નિરીક્ષણ કર્યું છે. જેમાંથી એક સ્થળ નક્કી કરવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં હવે જરૂરતમંદ ભૂખ્યા લોકોને નજીવી કિંમતે મળશે ભરપેટ ભોજન

પાટનગર ગાંધીનગરમાં હવે જરૂરતમંદ ભૂખ્યા લોકોને નિયમીત પણે ગરમ અને પૌષ્ટીક ભોજન સેવા માત્ર વીસ રૂપીયાના નજીવા દરે મળતી થઇ છે. સમાજ સેવી સંસ્થા જીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સેકટર-૬ માં પેટ્રોલ પંપ સામે અપના બજાર નજીકના મેદાનમાં આ ભોજન પ્રસાદ સેવાનો શનિવાર ૧૬ સપ્ટેમ્બરે પ્રારંભ થયો છે. જીવન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદ શહેરના ગોતા, સુભાષબ્રીજ, દૂધેશ્વર અને ઇન્કમટેક્ષ ખાતે જીવન પ્રસાદ ઘર છેલ્લા ત્રણ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહી છે.દરરોજ અંદાજે બે હજારથી વધુ લોકો આ ભોજન પ્રસાદ સેવાનો લાભ મેળવે છે અને ભોજન તૈયાર કરવામાં ૩૦ થી વધુ બહેનોને રોજગારી મળે છે. આ ભોજન પ્રસાદ સેવાની ખાસ વિશેષતા એ છે કે અહિ ભોજન લેવા આવનાર વ્યક્તિને પાર્સલ સેવા તથા પોતાનુ ટિફિન લાવે તો ટિફિનમાં પણ ભોજન ભરી આપવામાં આવે છે. 'જીવન ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નિલેશ જાની એ આ સેવાનો લાભ જરૂરતમંદ લોકોને અપિલ કરી છે અને સેવા આપવા ઇચ્છુક સ્વયં સેવક, દાતાઓને આ સેવા કાર્યમાં જોડાવા અનુરોધ પણ કર્યો છે. વધુ વિગતો માટે શ્રી નિલેશ જાની નો ૭૫૭૫૦૬૫૫૫૫ ઉપર સંપર્ક સાધી શકાય છે.

વાવોલમાં વિકાસકામોને અડચણરૂપ પાકા દબાણો તોડી પાડવામાં આવ્યાં

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી મ્યુનિસિપલ કોર્પોરેશનની ડિમોલિશન ડ્રાઇવ સતત ચાલું રહેતા દબાણકારોમાં ફફડાટ વ્યાપી રહ્યો છે. એકતરફ ધોળાકુવામાં ગટરલાઇનના મેનહોલ પર બની ગયેલા મકાનના બાંધકામ તોડી પાડવામાં આવી રહ્યા છે તો બીજીતરફ વાવોલમાં પણ વિકાસકામોને નડતરરૂપ બાંધકામો પર ફરીએકવાર બૂલડોઝર ચલાવાયું હતું.

વાવોલમાં વિવિધ વિકાસકામોને નડતરરૂપ દબાણો સામે સતત ડ્રાઇવ ચલાવવામાં આવી રહી છે. અગાઉ તળાવ ડેવલપમેન્ટની કામગીરીમાં અને મેઇન રોડને નડતરરૂપ દબાણો મોટી સંખ્યામાં દૂર કરવામાં આવ્યા બાદ તાજેતરમાં ગાર્ડનની જગ્યામાં બનેલા દબાણ પણ તોડી પાડવામાં આવ્યા હતા. હવે વિજય એપાર્ટમેન્ટની પાછળ રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પરંતુ સૂચિત રસ્તા પર જ પાકા બાંધકામ થઇ ગયા હોવાથી મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા અહીં ૪ દુકાન અને ૧ મકાનનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત રસ્તા પર બનાવી દેવામાં આવેલા ઓટલા પણ તોડી પડાયા હતા.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ થયેલા વાવોલમાં અગાઉ ગ્રામ પંચાયત હોવાથી મોટાપાયે ગેરકાયદે બાંધકામો થઇ ગયા હતા. હવે મહાનગરપાલિકા હસ્તક આ વિસ્તાર આવતા વિવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં નડતરરૂપ દબાણો તોડી પાડવામાં આવી રહ્યા છે. વિજય એપાર્ટમેન્ટ પાસે રસ્તો બનાવવા માટે જગ્યા ખુલ્લી કરવા માટે નડતરરૂપ ૫ બાંધકામો જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા.મહાનગરપાલિકા દ્વારા અગાઉ નોટીસ આપવામાં આવ્યા બાદ પણ જે બાંધકામો પોતાની રીતે દબાણ દૂર ના કરે તેને મહાનગરપાલિકા દ્વારા તોડી પાડવામાં આવે છે. ધોળાકૂવામાં પણ આ રીતે વર્ષોથી સરકારી જમીન પર અને ગટરના મેનહોલ પર બની ગયેલા દબાણો તોડવાની ડ્રાઇવ સતત ચાલી રહી છે. આ તમામ મકાનો તોડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી છે, હવે ત્યાં નવી ગટરલાઇન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવનાર છે.

નિસર્ગ સાયન્સ સેન્ટર dvaravજિલ્લા કક્ષાની ૩૧ મી બાળ વિજ્ઞાન પરિષદ યોજવામાં આવી

ભારત સરકારના સાયન્સ અને ટેકનૉલોજિ વિભાગ અને ગુજરાત સરકારના ગુજકોટ વિભાગ દ્વારા જિલ્લા કક્ષાના વિજ્ઞાન કેન્દ્ર નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૩૧ મી રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદનું આયોજન સેક્ટર-૧૨ ખાતે આવેલ સ્વામી વિવેકાનંદ વિધ્યાવિહાર ખાતે યોજવામાં આવી હતી. આ બાળ વિજ્ઞાન પરિષદમાં ગાંધીનગર જિલ્લાની જુદી જુદી શાળાઓમાંથી બાલ વૈજ્ઞાનિકો દ્વારા "આરોગ્ય અને સુખાકારી માટે ઈકો સિસ્ટમની સમજ" આ વિષય પર ૧૩૭ જેટલા પ્રોજેકટ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં ૨૭૨ વિધ્યાર્થીઓ અને ૯૮ શિક્ષકો અને તેમના માર્ગદર્શક ઉપસ્થિત રહ્યા હતા.આ બાળ વિજ્ઞાન પરિષદની વિશેષતા એ છે કે અહી વિજ્ઞાન મેળાની જેમ મોડેલ બનાવીને આવવાનું હોતું નથી. પરંતુ વિધ્યાર્થી જે વિસ્તારમાંથી આવતો હોય તે વિસ્તારની કોઈ એક સમસ્યાને લઈને સંશોધન કરે અને તે સમસ્યાના ઉકેલ માટેના ઉપાયો વિચારે એટ્લે કે બાળકો વિજ્ઞાનિકની જેમ નાનપણ થી જ રિસર્ચ કરતાં શીખેતે આ કાર્યક્રમનો મૂળ ઉદ્દેશ છે. આ કાર્યક્રમના

ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીનગરના મેયરશ્રી હિતેશ મકવાણા, ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી બી.એન.પ્રજાપતિ, નિસર્ગ સાયન્સ સેન્ટરના નિયામક, ડો.અનિલ પટેલ, ગુજકોસ્ટના વૈજ્ઞાનિક અધિકારી શ્રીપાવિત શાહ, શાળાના આચાર્ય શ્રી ભાવેશ જાની, વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ભાગ લીધેલ વિદ્યાર્થીઓના પ્રેઝન્ટેશન તથા લેખિત પ્રોજેક્ટના આધારે રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ૧૦ પ્રોજેકટની પસંદગી કરવામાં આવી છે. જેમાં સેંટ જેવીયર્સ સ્કૂલ, રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ, ડભોડા કન્યાપ્રાથમિક શાળા, એસ.જી. ઇંગીશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ, આર. એન.પટેલ પ્રાથમિક શાળા, ચૈતન્ય સ્કૂલ લેકાવાડા, પ્રાંતિયા પ્રાથમિક શાળા, સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર, શિહોલી શાળાઓના પ્રોજેકટ રાજ્ય કક્ષાની બાલ વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા જશે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું